/

વર્ષ ૨૦૧૪-૧૫ ના ફેરફાર કરેલ અંદાજપત્રમાં આયોજન વર્ષની નવી બાબત અન્વયે પ્રાથમિક શાળાઓમાં નવી આઈ સી ટી કોમ્યુનીટી મોબીલાઈઝેશન (SSA) બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક - પીઆરઈ ૧૪૨૦૧૪-૧૧૬૫/ક
સચિવાલય ગાંધીનગર,
તા.૧૩/૦૮/૨૦૧૪

<u>વંચાણે લીધા</u>

(૧) નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ ના તા.૧૩/૫/૨૦૧૪ ના પત્ર ક્રમાંક-પ્રાશિનિ/ચ-૧/નવી બાબત એસએસએ-૧૪-૧૫,૯૨૯-30.

(૨) એસએસએના તા.૧૫/૭/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃએસએસએ/હસબ/વહીવટી મંજુરી/૨૦૧૪-૧૫/૨૨૯૪૯-૨૨૯૫૦

<u>ઠરાવ</u>

રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં નવી આઈ સી ટી કોમ્યુનીટી મોબીલાઈઝેશન (SSA) શાળામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ તથા શિક્ષકોની સંયુક્ત મિટીંગ તથા વિડિયો કોન્સફરન્સના હેતુથી આ સેવાઓ પુરી પાડવા સૈધાંતિક નિર્ણય લેવાયા મુજબ આ અંગે વર્ષ-૨૦૧૪-૧૫ ના વર્ષમાં બિન આદિજાતી વિસ્તાર રૂા.૧૫૦.૭૦ /- લાખ, આદિજાતી વિસ્તાર રૂા.૩૫.૧૩/-લાખ તથા ખાસ અંગભૂત વિસ્તાર રૂા.૧૪.૧૭/- લાખ મળી કુલ રૂા.૨૦૦/-લાખની જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. આ જોગવાઈને વહીવટી મંજુરી આપવા વંચાણે લીધેલ સંદર્ભ (૧) ના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના પત્રથી કરેલ દરખાસ્ત મુજબ પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે તમામ ગામે રૂા.૧,૩૧,૪૦,૦૦૦ /- વિડીઓ કોન્ફરન્સની સુવિદ્યા વિકસાવવા માટે તથા પ્રથમ છત્રમાં બે મીટીંગ અને બીજા છત્રમાં બે મીટીંગ માટે કુલ મળી ચાર મીટીંગ માટે રૂા.૨૦૯/- લેખે રૂપિયા ૬૮૬૦૦૦૦/- મળી રૂા.૨૦૦/-લાખની (અંકે રૂપિયા બે કરોડ પુરા)ની નવી બાબતને નીચે દર્શાવ્યા મુજબની શરતોને આધીન મંજુરી આપવામાં આવે છે.

<u>શરતો</u>

(૧) આ દરખાસ્તનો વિભાગની પ્લાન સીલીંગની મર્યાદામા સમાવેશ કરવાનો રહેશે.દરખાસ્તની રકમમાં ફેરફાર થાય તો તે અંગે નાણાં વિભાગની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૨) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૩) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પ્રર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૬) આ કામ અંગે આ કામના પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગની વખતો વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે

(૮) રાજયમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં આઇ.સી.ટી. કોમ્યુનિટી મોબાલાઇઝેશન, શાળા મેનેજમેન્ટ સમિતિના સભ્યો(એસ.એમ.સી.)અને શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના વાલીઓ સાથે મીટીંગના ખર્ચ અને વિડીઓ કોન્ફરન્સની સુવિદ્યા વિકસાવવા માટે આ રકમ ખર્ચ કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ ફેરફાર કેરલ અંદાજપત્રના માંગણી નં.-૯ મુખ્ય સદર ૨૨૦૨-૦૧-૧૦૬-૧૦ શિક્ષકો અને અન્ય સેવાઓ માંગણી નં.૯૬, આદિજાતી વિસ્તાર માટે ૨૨૦૨-૦૧-૭૯૬-૩૭ અને માંગણી નં.૯૫, ૨૨૦૨-૦૧-૮૦૦-૦૨ હેઠળ મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહ્શે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા ૨૧/૬/૨૦૧૪ તથા તા.૩૦/૭/૨૦૧૪ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી એન બ્રહ્મભટ્ટ)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન તથા મધ્યાહ્ન ભોજન યોજના, સેક્ટર-૧૭, ગાંધીનગર
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ
- તમામ જિલ્લા વિકાસ અનધિકારીશ્રીઓ
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગર પાલિકા અને નગર પંચાયત

(નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ દ્વારા)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (ઓનલાઇન મૂકવા સારૂ)
- સિલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ, ક-શાખા